# શિક્ષકોને રૂ.1 કરોડ સુધીનું અકસ્માત વીમા કવર મળશે

**સુરત** જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને SBI વચ્ચે 'સ્ટેટ ગવર્નમેન્ટ સેલરી પેકેજ'કરાર



સુરતઃ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરતે શિક્ષણ વિભાગના કર્મચારીઓની આર્થિક સુરક્ષા અને કલ્યાણને પ્રાથમિકતા આપતા સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા (SBI) સાથે 'સ્ટેટ ગવર્નમેન્ટ સેલરી પેકેજ'(SGSP) માટે મહત્ત્વપૂર્ણ MOU સંપન્ન કર્યો છે. આ કરારથી સુરત જિલ્લાની તમામ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો તેમજ કચેરીના વહીવટી કર્મચારીઓને વિશાળ વીમા કવર સાથે આધુનિક બેન્કિંગ સેવાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ થશે.

આ MOU અંતર્ગત કર્મચારીઓના હાલના પગાર ખાતાને વિશેષ સેલરી પેકેજમાં રૂપાંતરિત કરવામાં આવશે, જેના કારણે તેઓને જીવન, આરોગ્ય, અકસ્માત અને લોન જેવી અનેક સુવિધાઓ એક જ પ્લેટફોર્મ પર મળશે. શિક્ષણ વિભાગ માટે આ કરારને "ઐતિહાસિક સુરક્ષા કવચ" તરીકે જોવામાં આવી રહ્યો છે. SGSP પેકેજ અંતર્ગત કર્મચારીઓને ઝીરો બેલેન્સ એકાઉન્ટની સુવિધા મળશે. પ્લેટિનમ અથવા સિલેક્ટ RuPay ડેબિટ કાર્ડ સંપૂર્ણપણે મફત આપવામાં આવશે. કોઈપણ બેંકના એટીએમ પર અમર્યાદિત ફ્રી ટ્રાન્ઝેક્શનનો લાભ મળશે. ઉપરાંત, પરિવારના સભ્યો માટે "રિશ્તે"એકાઉન્ટ ખોલવાની વ્યવસ્થા રહેશે, જેમાં રૂ. 5 લાખ સુધીનું અકસ્માત વીમા કવર અને ફ્રી એટીએમ સુવિધા સામેલ છે. આ પેકેજની સૌથી મહત્ત્વપૂર્ણ વિશેષતા એ છે કે કર્મચારીઓને અકસ્માતે મૃત્યુની સ્થિતિમાં રૂ. 40 લાખથી રૂ. 1 કરોડ સુધીનું વીમા કવચ મળશે. હવાઈ મુસાફરી દરમિયાન અકસ્માત થાય તો રૂ. 1.60 કરોડ સુધીનું જીવન વીમા કવર મળશે. કાયમી સંપૂર્ણ વિકલાંગતા માટે રૂ. 1 કરોડ અને અંશતઃ વિકલાંગતા માટે રૂ. 80 લાખ સુધીની આર્થિક સહાયની જોગવાઈ કરવામાં આવી છે.

### તબીબી અને ઇમરજન્સી સેવાઓમાં પણ મોટો સહારો

ગંભીર અકસ્માતની સ્થિતિમાં એર એમ્બ્યુલન્સ માટે રૂ. 10 લાખ સુધીનો ખર્ચ કવર કરવામાં આવશે. અકસ્માત બાદ પ્લાસ્ટિક સર્જરી અથવા દાઝી જવાના કેસમાં પણ રૂ. 10 લાખ સુધીની સહાય મળશે. જરૂરી વિદેશી દવાઓના ટ્રાન્સપોર્ટેશન માટે રૂ. 5 લાખ સુધીનું કવર ઉપલબ્ધ રહેશે.

## આજે ગુજરાત પોલીસના ૧૧,૬૦૭ નવા ઉમેદવારને નિમણૂક પત્રો એનાયત કરાશે

ગાંધીનગરઃ ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાના આશયથી લોકરક્ષક કેડરની ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. આ ભરતી અંતર્ગત પસંદગી પામેલા યુવા ઉમેદવારો માટે આવતીકાલે તા.૨૩ ડિસેમ્બર ૨૦૨૫, મંગળવારના રોજ ગાંધીનગરના સેક્ટર-૧૧ સ્થિત રામકથા મેદાન ખાતે સીએમ ભૂપેન્દ્ર પટેલના દ્વારા અને ડે. સીએમ હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ભવ્ય 'પસંદગી પત્ર એનાયત કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું છે.

લોકરક્ષક કેડરમાં કુલ ૧૧,૮૯૯ ઉમેદવારોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જે પૈકી ૮,૭૮૨ પુરૂષ અને ૩,૧૧૭ મહિલા ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે. હાલના તબક્કે, જે ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરિફિકેશન પૂર્ણ થયું છે, તેવા કુલ ૧૧,૬૦૭ ઉમેદવારોને આ કાર્યક્રમમાં નિમણૂક પત્રો એનાયત કરવામાં આવશે. ઉલ્લખનીય છે કે, વર્તમાન ભરતી પ્રક્રિયા પૂર્ણ થવાની સાથે જ રાજ્ય સરકાર દ્વારા પોલીસ દળમાં ખાલી રહેલી અન્ય ૧૩,૫૯૧ જગ્યાઓ માટે પણ નવી જાહેરાત પ્રસિદ્ધ કરી દેવામાં આવી છે.

# 5મી જાન્યુઆરીએ સુમુલ ડેરીની ચૂંટણીનો હાઈકોર્ટમાં ચુકાદો આવશે

**કસ્ટોડિયનની** નિમણૂક અને ચૂંટણી સમયસર કરાવવા 58 મંડળી હાઇકોર્ટમાં ગઈ હતી

સુરતઃ સુમુલ ડેરીની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણી સમયસર કરાવવા અને કસ્ટોડિયનની નિમણૂંકને પડકારતી પિટિશન પર ગુજરાત હાઈકોર્ટમાં તમામ પક્ષકારોને દલીલો પૂરી થઈ છે. ચૂંટણી અંગેની દાદ માંગતી પિટિશનનો ચુકાદો ગુજરાત હાઈકોર્ટ 5 જાન્યુઆરીએ આપશે. રાજ્યની બીજી ડેરીઓમાં ચૂંટણી થતી હોય તો સુમુલની કેમ નહીં? કસ્ટોડિયનની નિમણૂક અને ચૂંટણી સમયસર કરાવવા 58 મંડળી હાઈકોર્ટમાં ગઈ હતી.

સુમુલની ચૂંટણી કેમ થઇ રહી નથી? મુખ્યમંત્રી પોર્ટલ પર થયેલી ઑનલાઈન ફરિયાદના અનુસંધાને મુખ્યમંત્રીએ સુરતના જિલ્લા કલેકટર પાસે ખુલાસો માંગ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ફરિયાદ કરનાર સુમુલ ડેરીના સભાસદ ગુણવંતભાઈ નરોત્તમભાઈ વહિયા (રહે., બામણીયા, તા. મહુવા, જિ. સુરત) તથા અન્યોએ યોગ્ય કારણ વિના સુમુલ ડેરીની ચૂંટણી ટાળવા કસ્ટોડિયનની નિમણૂક કરાઈ હોવાનો આક્ષેપ કરી લેખિત ફરિયાદ કરી હતી. આ મામલામાં મુખ્યમંત્રી કાર્યાલયે કલેક્ટરને સ્પષ્ટ પત્ર લખી જણાવ્યું હતું કે, અરજદારની રજૂઆત પરત્વે નિયમાનુસાર યોગ્ય કાર્યવાહી હાથ ધરી, કરાયેલી કાર્યવાહીની ઓનલાઈન ડેટા એન્ટ્રી કરી, જરૂરી જવાબ ફક્ત ઓનલાઈન અપલોડ કરવા અને જવાબ અત્રે ઓફલાઈન ન મોકલવા આજ્ઞાનુસાર વિનંતી છે. વધુમાં, સંબંધિત દરેક કચેરી દ્વારા થયેલી તમામ કાર્યવાહીની વિગતો નિયમિત રીતે ઓનલાઈન કરવા વિનંતી કરાઈ હતી. મુખ્યમંત્રી કાર્યાલયે સુરત કલેક્ટર ઉપરાંત રજિસ્ટ્રાર અને સહકાર કમિશનર અને રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગર, પાસે પણ ખુલાસો માંગ્યો છે. સુમુલ ડેરીની ચૂંટણી અટકાવી રાખવા બાબતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને સુમુલ ડેરીની 998 મંડળીમાંથી 704 મંડળીએ ચૂંટણી કરાવવા ફરિયાદ કરી છે. જોકે ચૂંટણીનો મામલો ગુજરાત હાઈકોર્ટમાં સબજ્યુડિશ હોવાથી કલેક્ટર અને સ્ટેટ રજિસ્ટ્રાર એ વિશેષ કંઇ કરવાનું રહેતું નથી. બંને અધિકારીઓ રાજ્યની વડી અદાલતમાં મામલો વિચારાધીન હોવાનું જણાવી દેવાયું હતું.

### આખા રાજ્યની ડેરીઓની ચૂંટણી થતી હોય તો સુમુલની કેમ નહીં?

સુરત અને તાપી જિલ્લાના પશુપાલકોએ દાદ માંગી છે કે, રાજ્યની ડેરીઓની ચૂંટણી થતી હોય તો સુમુલની કેમ નહીં? સરકારે ખેડૂતો અને પશુપાલકોની ચૂંટાયેલી બોડીને મહત્ત્વ આપવું જોઈએ. જેવું બીજા જિલ્લાને આપ્યું છે. ખેડા, મેહસાણા અને વલસાડની ડેરીઓની ચૂંટણી યોજાઈ ગઈ, માત્ર ચેરમેનની નિયુક્તિ બાકી છે. સાબરકાંઠા, બનાસકાંઠા, અમદાવાદ, પંચમહાલ, ભરૂચ, ગાંધીનગર, સુરેન્દ્રનગર અમરેલી, કચ્છ, જુનાગઢ જિલ્લાની ડેરીની ચૂંટણી યોજાઈ ગઈ છે. રાજ્યમાં એક માત્ર સુરત અને તાપી જિલ્લાની સુમુલ ડેરીમાં કસ્ટોડિયનની નિમણૂક કરવામાં આવી છે. માત્ર બે ડેરીઓ રાજકોટ અને ભાવનગર જિલ્લાની ડેરીની ચૂંટણી બાકી છે. વડોદરા ડેરીની ચૂંટણી આગામી વર્ષે મુદત વીત્યે યોજાશે.

## અમરોલીની યુવતીએ ડિપ્રેશનમાં ફાંસો ખાધો

સુરતઃ અમરોલીમાં માનસિક ડિપ્રેશનમાં યુવતીએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ અમદાવાદના વતની રાજેશભાઈ મિસ્ત્રી હાલ અમરોલી વિસ્તારમાં આવેલા શ્રીરામ કોમ્પ્લેક્સમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. તેઓ સુરત મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગમાં કોન્ટ્રાક્ટ ઉપર નોકરી કરે છે. તેમની 25 વર્ષીય પુત્રી માનસી છેલ્લા કેટલાક સમયથી ડિપ્રેશનમાં રહેતી હતી. સોમવારે સવારે તેણે ફાંસો ખાઇ લીધો હતો.

## સવજી કોરાટ બ્રિજ નીચે તાપીમાં યુવક ડૂબી ગયો

સુરતઃ સવજી કોરાટ બ્રિજ નીચે તાપી નદીમાં નાહવા પડેલા યુવકનું ડૂબી જતા મોત નિપજ્યું હતું. મૂળ ઉત્તરપ્રદેશના અને હાલમાં વતની હાલમાં સરથાણા સીમાડા નાકા પાસે આવેલી જલદર્શન સોસાયટીમાં રહેતો રંગારો મિથિલેસ શિવચરણ રાજપૂત (20 વર્ષ) મિત્ર દિવ્યેશ સાથે સવજી કોરાટ બ્રિજની નીચે તાપી નદીમાં નાહવા માટે ગયો હતો. પાણીમાં છલાંગ લગાવતાની સાથે જ તે ડૂબવા લાગ્યો હતો. જેથી મિત્રે તાત્કાલિક ફાયર અને પરિવારને ઘટનાની જાણ કરી હતી. ફાયરની ટીમે સ્થળ પર આવીને બેભાન હાલતમાં મિથિલેસને બહાર કાઢ્યો હતો. તેને હોસ્પિટલમાં ખેસડાતાં તેનું મોત થયું હતું.

# સાત વર્ષની બાળકીની દીક્ષા મોકૂફ રખાઇ

**દીક્ષા** અટકાવવાના કેસમાં પત્નીનું ફેમીલી કોર્ટમાં સોગંદનામું

સુરતઃ મુંબઈમાં યોજાનારા સામૂહિક દીક્ષા મહોત્સવમાં સાત વર્ષની દીકરીને અપાનારી દીક્ષા અટકાવવા ફેમિલી કોર્ટમાં પિતાએ અરજી કરી હતી. આ અરજીની સુનાવણીમાં આજરોજ પત્નિએ ફેમીલી કોર્ટમાં સોગંદનામુ રજૂ કરીને દિકરીનો દીક્ષાનો કાર્યક્રમ મોકૂફ રાખ્યો હોવાનું જણાવ્યું હતું. વકીલ સ્વાતિ મહેતા મારફતે શેરબજારનું કામકાજ કરતા એક પિતાએ પોતાની સાત વર્ષની દીકરીને અપાનારી દીક્ષા અટકાવવા ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી. આ કામનાં અરજદારે ધી ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એક્ટ, ૧૮૯૦ ની કલમ-૧૨ મુજબની અરજીનાં કામે સી.પી.સી. ઓર્ડર રૂલ-૩૯, રૂલ-૧-૨ તથા કલમ-૧૫૧ મુજબની અરજી આપી હતી. ફેમીલી કોર્ટે સામાપક્ષના સામે નોટિસ ઈસ્યુ કરી હતી. આજરોજ પત્નિ પક્ષે વકીલ કેતન રેશમવાલા અને મિતુલ મોદી, વિવેક ભટ્ટ હાજર થઈ કોર્ટમાં એક એફિડેવિટ આપી હતી. એફિડેવિટમા જણાવ્યું હતું કે પુત્રીનો દિક્ષાનો કાર્યક્રમ તા. ૦૪/૦૨/૨૦૨૬ થી તા.૦૮/૦૨/૨૦૨૬ સુધી મોકુફ રાખેલ છે. સામાપક્ષની એફિડેવિટ બાદ આ કેસમાં આગામી સુનાવણી બીજી જાન્યુઆરીએ રાખવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

### દીકરીની દીક્ષા અંગે અરજદારને જાણ હોવાની દલીલ કરાઈ

સુરતઃ સુનાવણી દરમિયાન પત્નિનાં પક્ષ તરફથી દિકરીની દીક્ષા અંગે અરજદારને જાણ હોવાની દલીલ સાથે બંને પક્ષે દલીલો પણ થઈ હતી. સાથે દીક્ષા પહેલાંની ધાર્મિક વિધિનાં ફોટોગ્રાફસ પણ રજુ કર્યા હતા.

અચાનક તપાસમાં વેરા વસૂલાત, બાંધકામ, હિસાબી રેકોર્ડમાં ગંભીર ક્ષતિઓ

# તરસાડીમાં વેરાના 60 ટકા બાકીદારોનો રેકોર્ડ જ નથી

**ચીફ** ઓફિસરને ત્રણ દિવસમાં ખુલાસો માંગતી કારણદર્શક નોટિસ

**નિયમોના** ઉલ્લંઘનો છતાં એક જ કન્સલ્ટન્ટને 15 વર્ષથી કામ

સુરતઃ તરસાડી નગરપાલિકાની કામગીરી પર લાંબા સમયથી ઊઠી રહેલા પ્રશ્નો હવે સત્તાવાર તપાસમાં સામે આવ્યા છે. અધિક કલેક્ટર તથા પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓની કચેરી (સાઉથ ઝોન, સુરત) દ્વારા આજે કરાયેલી આકસ્મિક તપાસ દરમિયાન નગરપાલિકાના વેરા વિભાગ, બાંધકામ વિભાગ તેમજ હિસાબી રેકોર્ડમાં એક પછી એક ગંભીર ક્ષતિઓ બહાર આવી છે. આ મામલે નગરપાલિકાના ચીફ ઓફિસરને ત્રણ દિવસમાં ખુલાસો આપવા કારણદર્શક નોટિસ આપવામાં આવી છે.

આકસ્મિક તપાસ દરમિયાન જાણવા મળ્યું કે નગરપાલિકાએ વેરા વસૂલાતની કામગીરી માત્ર 40 ટકા જેટલી જ કરી છે. સૌથી ગંભીર બાબત એ છે કે મોટા બાકીદારોની યાદી, તેમને અપાયેલી નોટિસો કે વસૂલાત માટે કરાયેલા પ્રયાસો અંગે કોઈ જ લેખિત રેકોર્ડ રજૂ કરવામાં આવ્યો નથી. વસૂલાત જેવી મહત્ત્વની નાણાકીય કામગીરી માટે એકપણ અધ્યતન રજિસ્ટર નિભાવેલ ન હોવું વહીવટી બેદરકારીનું સ્પષ્ટ ઉદાહરણ હોવાનું તપાસમાં નોંધાયું છે. નગરપાલિકા દ્વારા વેરા વસૂલાત માટે ટીમ રચ્યાનો દાવો કરવામાં આવ્યો હતો, પરંતુ ટીમે કરેલા પ્રયાસો, મુલાકાતો કે ઝુંબેશ અંગે એકપણ પત્રક અથવા દસ્તાવેજ રજૂ ન કરી શકાતા તપાસ અધિકારીઓ ચોંકી ઊઠ્યા હતા. રેકોર્ડમાં ક્યાંય પણ વસૂલાત સંબંધિત કાચી કાર્યવાહી, નોટિસ ફાઈલ કે મોટા બાકીદારોની અલગ યાદી જોવા મળતી નથી. તપાસમાં વધુ એક ગંભીર મુદ્દો સામે આવ્યો છે કે નગરપાલિકામાં છેલ્લા પંદર વર્ષથી એક જ કન્સલ્ટન્ટ એજન્સીને સરકારના વિવિધ કામોના પ્લાન, અંદાજ, ટેકનિકલ ચકાસણી તેમજ PMC તરીકે નિમણૂક આપવામાં આવી છે. આ પ્રથા સરકારના નિયમો વિરુદ્ધ હોવાનું નોટિસમાં સ્પષ્ટ કરાયું છે. આ કારણદર્શક નોટિસમાં શિવાય ઇન્ફ્રા, સોમનાથ ડેવલોપર્સ, ધાર્મિક જે. ગાંગાણી, એ.પી. રાઘવાણી તેમજ હરવી સર્વેયર એન્ડ એન્જિનિયરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તમામ પાસેથી ત્રણ દિવસમાં લેખિત ખુલાસો માંગવામાં આવ્યો છે. અધિક કલેક્ટર દ્વારા આપવામાં આવેલી નોટિસમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો નિયત ત્રણ દિવસમાં સંતોષકારક ખુલાસો નહીં આપવામાં આવે તો જી.સી.એસ.આર. 2002 (શિસ્ત અને અપીલ)ના નિયમો અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# આજથી રાજ્યમાં તાપમાન 2થી3 ડિગ્રી ગગડી જશે

**રાજ્યમાં** 12.8 ડિગ્રી સાથે કેશોદ સૌથી ઠંડું શહેર



ગાંધીનગર : રાજયમાં હાલમાં ઠંડીમાં થોડી રાહત છે પરંતુ આગામી 24 કલાક પછી તાપમાનનો પારો 2થી3 ડિગ્રી સુધી નીચે ગગડી જશે.

આજે સોમવારે રાજયમાં કેશોદમાં તાપમાનનો પારો 12.8 સુધી ઉતરી ગયો હતો. જયારે ભૂજમાં 34 ડિ.સે., કંડલામાં 33 ડિ.સે., પોરબંદરમાં 33 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 31 ડિ.સે., ડીસામાં 32 ડિ.સે., અમદાવાદમાં 31 ડિ.સે. અને સુરતમાં 31 ડિ.સે. ગરમી નોંધાવવા પામી હતી.

રાજયમાં આજે સોમવારે ઠંડીનો ચમકારો ઘટયો છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં સામાન્ય કરતાં ઊંચુ તાપમાન નોંધાવવા પામ્યુ છે. કેશોદમાં ઠંડીની અસર વર્તાઈ રહી છે. આજે રાજયની સૌથી વધુ ઠંડી 12.8 ડિ.સે. કેશોદમા નોંધાવવા પામી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ રાજયમાં આગામી 24 કલાક બાદ 2થી 3 ડિગ્રી જેટલી ઠંડીનો પારો નીચે ગગડી જશે.

હવામાન વિભાગના સુત્રોએ કહ્યું હતું કે રાજયના અન્ય શહેરો પૈકી ભૂજમાં 17 ડિ.સે.,નલિયામાં 15 ડિ.સે.,કંડલા પોર્ટ પર 18 ડિ.સે.,કંડલા એરપોર્ટ પર 15 ડિ.સે., અમરેલીમાં 13 ડિ.સે., ભાવનગરમાં 16 ડિ.સે.,રાજકોટમાં 15 ડિ.સે.,સુરેન્દ્રનગરમાં 16 ડિ.સે.,મહુવામાં 14 ડિ.સે., કેશોદમાં 12.8 ડિ.સે., અમદાવાદમાં 17 ડિ.સે.,ડીસામાં 15 ડિ.સે., ગાંધીનગરમાં 17 ડિ.સે.,વલ્લભ વિદ્યાનગરમાં 17 ડિ.સે.,વડોદરામાં 14 ડિ.સે.,અને સુરતમાં 19 ડિ.સે.,અને દમણમાં 17 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાવવા પામ્યું છે.

## વરાછામાં સગાઈ નહીં થવાના ટેન્શનમાં યુવકનો આપઘાત

સુરતઃ વરાછામાં સગાઈ નહીં થવાના ટેન્શનમાં 22 વર્ષીય યુવકે એસિડ પીને આત્મહત્યા કરી લીધી હતી. મૂળ ભાવનગરના વતની વિશાલ રમેશ કાલિયા (ઉં.વ.22) હાલ વરાછા બુટભવાની રોડ પર આવેલા નીલકંઠ સોસાયટીમાં પરિવાર સાથે રહેતો હતો. વિશાલ ડ્રાઈવિંગનું કામ કરતો હતો. વિશાલની સગાઈ થતી ન હતી. જેથી ટેન્શનમાં આવીને વિશાલે રવિવારે રાત્રે ઘરમાં એસિડ પી લીધું હતું. બનાવની જાણ થતાં પરિવારજનો તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું.

## પુણાગામની પરિણીતાનો ઝેર પી આપઘાત

સુરતઃ પુણાગામમાં જમવાનું બનાવવાની વાતે ઝગડો થતા પરિણીતાએ ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મૂળ ઉત્તરપ્રદેશના વતની અર્જુન યાદવ હાલ પુણાગામ અર્જુન નગરમાં પત્ની કુસુમદેવી (28 વર્ષ) તેમજ બે સંતાન સાથે રહે છે અને મિલમાં નોકરી કરે છે. રવિવારે રાત્રે8 વાગ્યે તેનો પત્ની સાથે જમવાનું બનાવવાની બાબતે ઝગડો થયો હતો. જે વાતનું માઠું લગાવીને કુસુમદેવીએ ઝેર પી આપઘાત કરી લીધો હતો.

## અમરોલીમાં અચાનક બેભાન થઈ જતા પરિણીતાનું મોત

સુરતઃ અમરોલીમાં અચાનક બેભાન થઈ જતા પરિણીતાનું મોત નિપજ્યું હતું. મૂળ ઓરિસ્સાના વતની સંન્યાસી નાહક હાલ અમરોલી જલારામ સોસાયટીમાં આવેલ તુલસીધામ એપાર્ટમેન્ટમાં પત્ની લક્ષ્મી (25 વર્ષ) સાથે રહે છે અને સંચાખાતામાં કામ કરે છે. એકાદ મહિના પહેલાં તેમની પત્નીની જ પ્રસૂતિ થયા બાદ સતત તેની તબિયત ખરાબ રહેતી હતી. રવિવારે તેની તબિયત વધારે લથડી જતાં સ્મીમેરમાં ખસેડવામાં આવી હતી જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી.

## દિલ્હી એરપોર્ટ પર ધુમ્મસ, ઈન્ડિગોની બે ફ્લાઇટ એકથી દોઢ કલાક મોડી

સુરતઃ દિલ્હી એરપોર્ટ પર ધુમ્મસને લીધે ઈન્ડિગોની બે ફ્લાઇટ આજે સોમવારે એકથી દોઢ કલાક મોડી પડી હતી. તા. 22.12.2025 ના રોજ, ઈન્ડિગો ફ્લાઈટ 6E-784 સુરતથી જયપુર (STD 16:35 કલાક) 01 કલાક 30 મિનિટ અને ઈન્ડિગો ફ્લાઈટ 6E-6846 સુરતથી દિલ્હી (STD 21:30 કલાક) 01 કલાક 10 મિનિટ મોડી પડી હતી. દિલ્હીમાં પ્રદૂષણને લીધે સવારે અને રાતે ધુમ્મસ ભર્યો માહોલ છવાયેલો રહે છે. જેને લીધે દિલ્હીથી જતી અને આવતી ફ્લાઈટ રોજ મોડી પડી રહી છે.

### સુડોકુ ૬૪૦૩ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૬ | ૮ | | ૫ | | | |
| ૯ | ૮ | ૨ | | ૩ | ૧ | ૫ | | |
| ૪ | | | ૯ | ૭ | | ૧ | | |
| | ૧ | ૫ | | ૯ | | ૮ | | |
| | | ૪ | ૫ | ૧ | | ૭ | | |
| | ૯ | ૮ | ૨ | | ૩ | ૪ | | ૫ |
| ૫ | | | ૧ | ૮ | ૬ | ૩ | | |
| ૮ | | | | | | | ૫ | ૧ |
| ૩ | ૬ | ૧ | | ૫ | | | ૮ | ૨ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - સ્ચોમંદ પરબીઆ

**આંચકી આવે છે?**

આ ચેતાતંત્રની અનિયમિતતા થી થાય છે. દવા- ઉપચાર માટે વૈદ્યશ્રીની મદદ લો. ઘરમાં તાત્કાલિક ઉપાય તરીકે આ કરો. સફેદ ડૂંગળી, મહારાષ્ટ્ર મા સારી થાય છે. ડૂંગળી છોલી , ધોઇ, સ્વચ્છ કપડામાં લપેટી, છૂંદીને તેનો રસ નાકમાં મૂકો, સૂંઘાડવામાં વાપરો.

# વરાછામાં ચિકનના દુકાનદાર ઉપર તલવારથી હુમલો

**પતિને** બચાવવા દોડી આવેલી પત્ની પર પણ હુમલાનો પ્રયાસ

**આરોપી** નિખીલ ટકલા સહિત ત્રણ સામે ગુનો દાખલ

સુરતઃ વરાછા બોમ્બે કોલોની વિસ્તારમાં ચિકનની દુકાન પાસે બેઠેલા વેપારી પર તલવાર વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં વેપારીને ઈજા પહોંચતા તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યારે પતિને બચાવવા વચ્ચે પડેલી પત્ની પર પણ તલવારથી હુમલાનો પ્રયાસ કરાયો હતો. સમગ્ર મામલે પોલીસે નિખીલ ટકલો સહિત ત્રણ ઈસમો સામે ગુનો નોંધ્યો છે.

કાપોદ્રા ચાર રસ્તા નજીક રહેતા અને બોમ્બે કોલોનીમાં 'રૂદ્ર ચિકન' નામની દુકાન ચલાવતા 40 વર્ષીય પ્રદિપ દિગાંબર વાનખેડે દુકાનના ઓટલા પર બેઠા હતા. તે દરમિયાન અચાનક માથાભારે તરીકે ઓળખાતા નિખીલ ટકલો અને તેના બે સાથીદારો ત્યાં પહોંચી ગયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, ત્રણેય આરોપીઓએ પ્રદિપ વાનખેડેને ઘેરી લઈ કોઈ કારણ વગર જ બોલાચાલી શરૂ કરી હતી. પ્રદિપ કંઈ સમજે તે પહેલાં જ નિખીલ ટકલાએ તલવાર બહાર કાઢી તેના પર ઘાતકી હુમલો કર્યો હતો. પતિની ચીસો સાંભળી તેમની પત્ની દુકાનમાંથી બહાર દોડી આવી પતિને બચાવવાનો પ્રયાસ કરતી હતી. જોકે, આરોપી નિખીલ ટકલાએ તેમની પત્ની પર પણ તલવારથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. ઈજાગ્રસ્ત પ્રદિપ વાનખેડેને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે નીખિલ ટકલા સહિત ત્રણ સામે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

### શબ્દગુંફન - ૭૧૨૭

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. એક મેવો (૩)
૪. અધિકાર (૨)
૭. જુલમ (૩)
૯. તીવ્ર ઈચ્છા (૩)
૧૦. વકીલાત (૪)
૧૨. માથામાં નાખવાનું એક જાતનું તેલ (૩)
૧૩. ઢીલ, વિલંબ (૨)
૧૪. ખોરાક, ખોટ (૨)
૧૫. કમળની વેલ (૪)
૧૭. પુરાણું (૨)
૧૯. નાણું (૨)
૨૦. બન્ને બાજુ વગાડવાનું એક વાદ્ય (૨)
૨૧. માતાની બહેન (૨)
૨૨. ખબર, હુકમ (૩)
૨૪. ઈચ્છા, મનીષા (૩)
૨૬. ચાલ, ધારો (૩)
૨૭. ચાલાક, કુશળ (૨)
૨૯. નમસ્કાર, પ્રણામ (૩)
૩૧. બદલો, વટાવ (૪)
૩૩. તપસ્યા (૨)
૩૪. અભિપ્રાય (૨)

**ઊભી ચાવી**

૨. ગુજરાનનું સાધન (૩)
૩. પ્રકાર, પધ્ધતિ (૨)
૫. દારૂનું પીઠું (૫)
૬. કિંમત (૩)
૭. સફેદ (૨)
૮. મીઠું, ગળ્યું (૩)
૧૦. યુક્તિ, આંટો (૨)
૧૧. કાબર જેવડું શરીરે પાતળું એક પંખી (૩)
૧૩. વસ્તુ, ચીજ (૨)
૧૫. સરોવર (૨)
૧૬. દિલ (૩)
૧૭. જબરદસ્તી (૩)
૧૯. અગત્ય, જરૂરત (૫)
૨૧. માસીના પતિ (૨)
૨૨. ભાર, દબાણ (૩)
૨૩. સતેજ કરવું તે (૩)
૨૫. નોળિયો (૩)
૨૮. તાકાત, બળ (૨)
૩૦. રત્ન (૨)
૩૧. ઉમ્મર (૨)
૩૨. હોડી, વહાણ (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અં | જી | ર | ■ | રી | ■ | હ | ક | ■ | વિ |
| ■ | વિ | ■ | સિ | ત | મ | ■ | લા | લ | સા |
| વ | કા | લ | ત | ■ | ધુ | પે | લ | ■ | ત |
| ળ | ■ | ટે | ■ | વા | ર | ■ | ખા | ધ | ■ |
| ■ | સ | રો | જિ | ની | ■ | જૂ | નું | ■ | મ |
| જ | ર | ■ | ગ | ■ | ઢો | લ | ■ | મા | સી |
| રૂ | ■ | વ | ર | દી | ■ | મ | ન | સા | ■ |
| રિ | વા | જ | ■ | પ | દુ | ■ | ફુ | ■ | જો |
| યા | ■ | ન | મ | ન | ■ | વ | ળ | ત | ર |
| ત | પ | ■ | શિ | ■ | રા | ય | ■ | રિ | ■ |

ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરિંગ કમિટીની બેઠક યોજાઇ

# ગ્રાન્ટોનો સમયમર્યાદામાં ઉપયોગ કરવા અધિકારીઓને સૂચના

**'માઇક્રો** લેવલ' સમીક્ષા કરી અધિકારીઓને કડક ટાઇમલાઇન અપાઈ

સુરતઃ સુરત જિલ્લામાં વિકાસ કાર્યો માત્ર કાગળ પર નહીં પરંતુ ધરાતલ પર સમયસર અને ગુણવત્તાપૂર્ણ રીતે દેખાવા જોઈએ. આ સ્પષ્ટ સંદેશ સાથે સુરત ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરીંગ કમિટી (દિશા)ની બેઠક સાંસદ મુકેશભાઈ દલાલના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી.

બેઠકમાં સાંસદ મુકેશ દલાલે સાંસદ ફંડ અંતર્ગત મંજૂર થયેલી ગ્રાન્ટોનો સમયમર્યાદામાં અસરકારક ઉપયોગ કરવા પર ખાસ ભાર મૂક્યો હતો. વિકાસ કામોમાં વિલંબ કે ગુણવત્તામાં સમાધાન ન ચાલે તેમ જણાવી તેમણે અધિકારીઓને સ્પષ્ટ કાર્યપદ્ધતિ સાથે કામગીરી આગળ વધારવા સૂચના આપી હતી. યોજનાઓનો લાભ સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચે. તેથી કેન્દ્ર અને રાજ્ય સરકારની તમામ કલ્યાણકારી યોજનાઓમાં પાયાની સુવિધાઓ આવાસ, રોજગાર, સ્વચ્છતા,

આરોગ્ય અને શિક્ષણને પ્રાથમિકતા આપી આયોજન થવું જરૂરી છે. બેઠકમાં ટીબી નિર્મૂલન અભિયાન અંગે ખાસ ચર્ચા થઈ હતી. સાંસદ દલાલે વધુમાં વધુ જાગૃતિ કેમ્પ યોજી લોકોને રોગમુક્ત જીવન તરફ પ્રેરિત કરવા આરોગ્ય વિભાગને અનુરોધ કર્યો હતો. સાથે જ જીવનરક્ષક પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે કૃષિ અને બાગાયત વિભાગને સોશિયલ મીડિયા સહિતના આધુનિક માધ્યમોનો અસરકારક ઉપયોગ કરવા સૂચના આપી હતી.

બેઠકમાં જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધી, જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ, રાજ્ય દિશા કમિટીના સભ્ય શર્મા, જિલ્લા પુરવઠા અધિકારી દર્શન શાહ, જિલ્લા આયોજન અધિકારી આર.આર. ભાભોર, તાલુકા વિકાસ અધિકારીઓ, તાલુકા પંચાયતના સદસ્યો તથા વિવિધ સમિતિઓના સભ્યો અને વિભાગીય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આજનું પંચાંગ

**તા. 23/12/2025, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** પોષ
**તિથિઃ** સુદ: ત્રીજ : 12:13 પછી વિનાયક ચતુર્થી
**રાષ્ટ્રિય દિનાંક :** પોષ :02
**અયન :** ઉતરાયન **ઋતુ :** શિશિર
**નક્ષત્ર :** શ્રવણ : 31:08
**યોગ :** વ્યાઘાત
**કરણઃ** વણિજ
**રાશિઃ** મકર (ખ.જ.)
**દિવસ :** અશુભ કરિદિન, અંગારક યોગ
**સુરતમાં સૂર્યોદય :** 07:14
**સુરતમાં સૂર્યાસ્ત :** 18:02 **નવકારસી :** 08:02
**પારસી વર્ષ :** 1395, અમરદાદ માસનો 11મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, રજ્જબ માસનો 02જો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે :15:00 થી 16:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** નોકરીની તલાશ પૂર્ણ થાય. ધંધા-વેપારમાં નફો વધે. પરિવારનાં કામમાં પ્રગતિ થાય. આવકનાં સાધનો વધે.

**વૃષભ (બ,વ,ઉ,):** ઉપરી વર્ગ અને વડીલોની સલાહ મદદરૂપ બનશે. જીવન સાથીના કામમાં પ્રગતિ માટે મદદ મળે.

**મિથુન (ક,છ,ઘ,):** ખાવા-પીવામાં ધ્યાન રાખવું. સરકારી નોકરિયાતે લાલચથી બચવું આરોગ્ય બાબતે સાવધાન રહેવું.

**કર્ક (ડ,હ,):** દાંપત્યજીવન ખુશનુમા રહે. સગાં સંબંધીઓની મદદ ધંધા મળે. સરકારી કામમાં મદદ મળે.

**સિંહ (મ,ટ,):** નોકરીનો બોજ છતાં ઘરમાં તથા અન્ય મિત્રોને મદદરૂપ બનશો. આરોગ્યનું ધ્યાન રાખવું. ખર્ચા વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** સંતાનો અને નાના બાળકોના કામમાં મદદ મળે.અભ્યાસમાં પ્રગતિ પરીક્ષામાં સફળતા મળે. મિત્રોનો સાથ મળે.

**તુલા (ર,ત,):** વાણી-વ્યવહાર પર કાબૂ રાખવો અને વડીલોની વાત માનવી માતાના આરોગ્યની ચિંતા સતાવે.

**વૃશ્ચિક (ન,ય,):** ધાર્મિક કામમાં યશ મળે. પ્રવાસથી લાભ થાય. નોકરીમાં પ્રમોશન થાય. આવકનાં સાધનો વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આર્થિક બાબતે ચોક્કસ બનશો. ઘરમાં દોડ-ધામ રહે. વાણી-વ્યવહારથી નવી તક મળે.

**મકર (ખ,જ,):** પ્રવાસમાં મિલન-મુલાકાત થાય. નોકરીમાં નવી તક મળે. સમાજમાં સાવધાની રાખવી.

**કુંભ (ગ,સ,શ,ષ,):** સમાજ સેવા થાય. વિદેશનાં કામમાં ગતિ આવે. સરકારી યોજનાનો લાભ મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** શેર, સટ્ટા, લોટરી, વાયદામાં તક મળે. ધીરજ રાખવી. મિત્રો સાથે વિવાદ થાય. અચાનક શુભ સમાચાર મળે.

### કોઇ પણ સાલમાં 23 ડિસેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રીતે ચડતી-પડતીની સાથે નવી તકો ઊભી કરશે. નોકરીની સમસ્યાનું સમાધાન થાય. ધંધા માટે નવી યોજના બને. આર્થિક પ્રગતિ થાય. નવાં રોકાણ સરળ બને. સમાજમાં માન વધે. કુટુંબ પરિવારને મદદરૂપ બનશો. ઘરના નાના સભ્યોની અપેક્ષાઓ સંતોષી શકાય. ટેકનોલોજીનો લાભ મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે સફળતા મળે. ઉંમરલાયકના વિવાહ થાય. સરકારી કામ કોર્ટ, કચેરીમાં મદદ મળે. સંતાનોના કેરિયર અભ્યાસમાં પ્રગતિ થાય.ઉઘરાણી આવી શકે અને આરોગ્ય સામાન્ય રહે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં વડીલોની મદદ મળે. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નોકરી-ધંધા વ્યવસાયમાં હરીફો વધશે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મ થાય. મે-જૂન તથા ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં યોજના પ્રમાણે પ્રગતિ થાય. જૂન-જુલાઈમાં સામાજિક પ્રશ્નો અશાંતિ પેદા કરશે.